# ખારવા સમાજ અને તેની ન્યાયપ્રણાલિ

દિલીપકુમાર એમ. કથાડ
રીસર્ચ સ્કોલર,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ

## ૧.પ્રસ્તાવના

ખારવા કોમ સૌરાષ્ટ્રમાં બધીજ જગ્યાએ ખારવાના નામેજ ઓળખાય છે.તે ઓના વસવાટના મુખ્યત્વે બારગામા મનાય છે. તેમાં પોરબંદર, વેરાવળ, માંગરોળ, વણાકબારા, કચ્છમાં માંડવી, સલાયા તથા મુંદ્રા વગેરેનો સમાવેસ થાય છે.આ શીવાય હાલાર વિસ્તારનાજામનગર જીલ્લામાં મુખ્યત્વે જામનગર,જામ સલાયા અને ઓખા મંડળમાં ઓખા, બેટ દ્વારકા, દ્વારકા, આરંભડા, પોશિત્રા અને ગોરીયારીમાં ખારવાની વસ્તી જોવામળે છે.

સૌરાષ્ટ્રમાં આ બધા ખારવાની વસ્તી ૨૦૦૧ની સાલ સુધીમાં પાંચેક લાખની માનવામાં આવે છે.આ ખારવા લોકોનો મુખ્યધંધો માછીમારીનો છે.પરંતુ સમય અને સંજોગોના લીધે આ ખારવાઓ અન્ય ધંધા તરફ અને નોકરી તરફ વળવા લાગ્યા છે.આ જે પણ કેટલાક ખારવાઓ કરજ કરી નાની બોટો ખરીદી માછીમારીનો ધંધો કરે છે.[૧]

"ખારવા" મુળ શબ્દ"ખાળવા" છે. જેનો અર્થસામનો કરવો એવો થાય છે.પ્રાચીન સમયમાં સમુદ્રમાં દરીયાઈ સફરો કરવી ખુબજ મુશકેલ હતી. કચ્છ તેમજ ખંભાતનો અખાત તદ ઉપરાંત ઘોઘા અને જાફરાબાદમાં ચાંચિયાલોકો વહાણોને લુટી લેતા હતા. મધ્ય દરીયામાં આરબો ખલાસીઓને ગુલામ બનાવતા હતા એ સમયમાં બીજા દેશો સાથે વેપાર કરવો મુશ્કેલ હતો. તે સમયે સાહસીક ખારવાઓ હિમત ભર લડી લેતા હતા. તેથીજ "ખાળવા"એ "ખારવા" કહેવાયા.એક સમયે પોરબંદરના વેપારીઓ જળ માર્ગે જવા માટે ખારવાઓનો સહકારમાંગતા હતા."ખારવા"શબ્દનોઅર્થ રસ્તો સોધવો તેવો પણ કરવામાં આવે છે.[૨]

ખારવા (ખાર + વા) ખાર એટલે ખારુ પાણી અને વા (હવા) એટલે કે જેમના જીવનમાં ખારી હવા અને ખારા પાણીનો સંગાથ છે તે લોકો ખારવા કહેવાયા છે.

## ૨.ખારવા સમાજનાઉદભવનીમાન્યતાઓ

ખારવા સમાજના ઉદભવનીઘણી માન્યાઓ છે.એમ માનવનામાં આવે છે કે ખારવાઓ મુળ રજપુત છે.તેમાં કેટલાક જમીનદારો અને ગીરાસ દારો હતા. મહમદ ગઝનીની સોમનાથ ઉપરની ચડાઈ બાદ તેમનું જીવન અસ્તવ્યસ્ત થઈગયેલ. આ લોકો મહેનતુ અને સાહસિક હોવાથી તેમનું ભટકતું જીવન સ્થિર કરવા માટે તેઓ સમુદ્ર કીનારે વસાહતો સ્થાપી રહેવા લાગ્યા.ત્યાર બાદ ધીરે ધીરે વહાણવટા અને માછીમારી તરફ વળવા લાગ્યાઅને તેઓ આજે ખારવા કોમ તરીકે અલગ અસ્તિત્વધરાવતા થયા છે. મહુવા તરફ વસ્તા ખારવાઓ આ ખારવાઓ થી જુદા છે.કેટલાક મુળ ભીલ હતા એમ મનાય છે. જયારે કેટલાકતો જાતે કોળીજ છે અને તેઓ પણ પોતાને તળપદા કોળી જ કહેવડાડે છે.સુરત,અહમદાબાદ, વડોદરા, ખંભાત અને કહેકદાબાદમાં પણ ખારવાઓની વસ્તી છે.

---

૧. ખારવા સમાજનો ગૌરવવંતો ઈતિહાસ " ગ્રંથ પાના નંબર– ૭.

૨. " ખારવા સમાજનો ગૌરવવંતો ઈતિહાસ " ગ્રંથ પાના નંબર– ૧૦.

વધુ એક માન્યતાનાં આધારે જોયેતો,મુળ વતન રાજેસ્થાની ખારવાઓના પુરવ જોએ ચાર(૪) ટુકડીઓમાં કચ્છ અને કાઠીયાવાડ (સૌરાષ્ટ)માં પ્રવેશ કર્યો.

(૧) પ્રથમ ટુકડી – કચ્છમાં માંડવી અને મુંદ્રામાં જઈને સ્થાઈ થયેલી.

(૨) બીજી ટુકડી– જામનગર, ઓખામંડળમાં ઓખા, દ્વારકા પોશિત્રા અને ગોરીયારીમાં જઈને સ્થાઈ થયેલા.

(૩) ત્રીજી ટુકડી– પોરબંદરમાં જઈને સ્થાઈ થયેલ.

(૪) ચોથી ટુકડી– વેરાવળ, માંગરોળ, વણાંકબારા અને ઘોઘલા(દીવ)માં જઈને સ્થાઈ થયેલ હોય તેમ માનવામાં આવે છે.[૩]

ખારવાઓ બંદર અને વહાણવટાના ધંધામાં જોડાઈ જતા ફરી મુળ રાજપુતો સાથે સબંધ રાખીન શકયા.ખારવાઓના મુળ વડવાઓ કુટુંબી જનોના ભરણપોષણ માટે લાકડાના વાંશ(બાંબુ),ખજુરના જાડની છાલ,નાળીયેલના થડને કાપીનેક(કોતરીને) હોડી બનાવી માછીમારીનો ધંધો કરવા લાગ્યા હતા.તેથી તેઓ હિન્દુ સમાજમાં "માછીમારો" ના નામે પ્રખ્યાત થયા હતા. ધીરે ધીરે હૈયાસુજ અને ખંતથી કચ્છમાં પ્રથમ "કોટીયા" નામનું વહાણ (લાખો)બનાવયું સમયજતા સમજદારી અને બહાદુરીથી સઢવાળા વહાણ નાં ધંધામાં જંપલાવી યશસ્વી સુકાની(ટંડેલ) બની સાગરમાં વહાણોથી દેશ વિદેશ ખુંદિકાઢીયા અને અનેક દેશો સાથેના વેપારો ખેડી વિદ્યા અને સંસ્કૃતિનાસબંધો સ્થાપવાનો વધારેમાં વધારે હિસ્સો ખારવા કોમને જ આભારી છે.જેના આધારે આ ખારવાઓ હિન્દુ સમાજમાં " વહાણવટી" કે " દરિયાછોરૂ" ના નામે પ્રકાશીત થયેલા છે. કાઠીયાવાડ રાજયમંડળના લેખકના મતાનુંસાર ખલાસી ચાર(૪) વર્ગના છે.

(૧) ખારવા

(૨) ભાદેલ

(૩) મીઆના

(૪) વાઘેર

તેમાં ખારવા ત્રણ જાતના છે.

(૧) રાજપુતવંશી ખારવાઓ.

(૨) કોળી ખારવાઓ.

(૩) મુસલમાન ખારવાઓ.[૪]

### ૩. જ્ઞાતિ આધારીત ન્યાય પ્રણાલિનોઉદભવ

ઈ.સ.૧૦૨૫માં પ્રભાસ પાટણના સોમનાથ મંદિર ઉપર મહમદ ગજની એ આક્રમણ કર્યુ હતું. આ આક્રમણ માં ખારવાના ૩૬ કુળ મંદિરના રક્ષણાર્થે શહિદ થયા હતા તેમ બારોટના ચોપડા સાક્ષી પુરે છે. તે સમયે મહા ઝંઝાવાતમાં ખારવાના પુરવજોના ૭ કુળ રાઠોડ, ચૌહાણ, પરમાર, જેઠવા, સોલંકિ, ચાવડા ચુડાસમા વિરગતી પામ્યા હતા તેમ ઈતિહાસ કહે છે.

બાકી બચી ગયેલા વડવાઓ રઝડતા અને ભટકતા જીવનને સ્થિર કરવા માટે દરીયા કાંઠે વસાહતો સ્થાપીને સ્થાયી જીવન જીવવા લાગ્યા તેવી માન્યતા છે. ત્યાર બાદ આ ખારવા લોકો " દરિયાછોરૂ" ના નામે ઓળખાયા. ખારવાના વડાઓ પોતાના રખડતા અને ભટકતા જીવનને સ્થિર(કાયમી)બનાવવા માટે સમાજના અગ્રણી ચોવટીયા પંચ આગેવાનોએ ટુકડીઓના જુથો ને સંગઠીત કરીને **" જ્ઞાતિ ન્યાય "** ની સ્થાપના કરી હતી. તેવી પોરબંદર સમસ્ત ખારવા જ્ઞાતિ " વિક્રમ સવંત ૧૮૧૪" ની આધારભુત માહિતી પુરીપાડે છે.જે આજે "સમસ્ત ખારવા સમાજમાં" ન્યાય અને સમાજ વ્યવસ્થાનું સ્થાન પામેલ છે.[૫]

---

૩. " ખારવા સમાજનો ગૌરવવંતો ઈતિહાસ " ગ્રંથ પાના નંબર– ૯.

૪."ખારવા સમાજનો ગૌરવવંતો ઈતિહાસ " ગ્રંથ ભાગ –૨ પાના નંબર– ૧૫.

૫. " ખારવા સમાજનો ગૌરવવંતો ઈતિહાસ " ગ્રંથ પાના નંબર– ૮.

**૪.ખારવા સમાજનાન્યાયતંત્રની રચના**

આપણા બંધાણીય ન્યાયતંત્રના માળખામાં જેવીરીતે તાલુકા કક્ષાના ન્યાયાલયો(જે.એમ.એફ.સી. કોર્ટ),જીલ્લા કક્ષાના ન્યાયાલયો (સેશન્શ અને ડીસ્ટીક કોર્ટ)ત્યાર બાદ રાજય કક્ષાના ન્યાયાલયો(રાજયની હાઈકોર્ટ) અને કેન્દ્ર કક્ષા એ સરવોચ્ચ અદાલત છે. તે પ્રમાણે ખારવા સમાજ માં પણ પોતાનું ત્રી સ્તરીય ન્યાયતંત્ર છે. જેમાં નીચલા સ્તરે સ્થાનીક કક્ષાના(સ્થાનીક ગામના અથવાતો સ્થાનીક નાત(જ્ઞાતિ))ન્યાયમંદિરોત્યારબાદ નવ ગામ(નવ નાત(જ્ઞાતિ)) ખારવા સમાજ ન્યાય મંદિર અને ઉપરી કક્ષાએ બારગામ (બાર નાત(જ્ઞાતિ))ખારવા સમાજ ન્યાયમંદિર આવેલ છે.જેની રચના આ પ્રમાણે છે.

**૧. સ્થાનીક કક્ષાના (સ્થાનીક નાત(જ્ઞાતિ))ખારવા સમાજ ન્યાયમંદિર**

ઓખામંડળમાં સ્થાનીક કક્ષાના ન્યાય મંદિરઓખા, દ્વારકા, પોશિત્રા અને આરંભડામાં આવેલા છે. જેમાં ખારવા લોકોના પ્રશ્નો અને જગડાઓનું નિરાકરણ કરવામાં આવે છે.ઓખાના ન્યાય મંદિરમાં ગોરીયારીનો પણ સમાવેશ કરવામાં આવે છે.ગોરીયારીમાં ઉદભવતા ખારવા સમાજના તમામ પ્રશ્નો અને ઝઘડાઓનું નિરાકરણ ઓખા ખારવા સમાજના ન્યાય મંદિરમાં કરવામાં આવે છે.ન્યાય કરતી વખતે ખારવા સમાજના પટેલ (પ્રમુખ)તેમજ સભ્યોનીહાજરી મહત્વની હોય છે.જ્ઞાતિના પટેલ દ્વારાબને તેટલા પ્રશ્નોનું સમાધાન કરવામાં આવે છે. વધુમાં વધુ ત્રણ કે ચાર બેઠકમાં આ પ્રશ્નો અને ઝઘડાઓનું નિરાકરણ લાવવામાં આવે છે.આ સમય દરમ્યાન પક્ષકારોને કોર્ટમાં જવાની પણ કોઈ પણ જાતની પાબંધી રાખવામાં નથી આવતી પરંતું જો પક્ષકારો તેમના પ્રશ્નો અને ઝઘડાનું નિરાકરણ નાતના (જ્ઞાતિના) પટેલને જણાવ્યા વગર કોર્ટમાં કરવા જાયતો તેઓને નાતમાંથી મળતી તમામ સેવાઓ બંધ કરવામાં આવે છે. અને જ્ઞાતિના અન્યલોકો પણ તેમની સાથે કોઈ પણ જાતનો વ્યવહાર કરતા નથી અને જો કોઈ વ્યક્તિતેમ કરેતો તેમને પણ સજા કરવામાં આવે છે.[૬]

**૨. નવ ગામ (નવ નાત(જ્ઞાતી))ખારવા સમાજન્યાયમંદિર.**

નવ ગામ એટલેકે, વણાકબારા,કચ્છમાં માંડવી, સલાયા તથા મુંદ્રા વગેરે આ શીવાય હાલારમાં જામનગર, જામ સલાયા અને ઓખા મંડળમાં ઓખા, બેટ દ્વારકા, દ્વારકા, આરંભડા અને પોશિત્રાનો સમાવેસ કરવામાં આવે છે.સ્થાનીક ખારવા સમાજના ન્યાય મંદિરમાં જે પ્રશ્નો અને ઝઘડાઓનું નિરાકરણ નથી થતું તેવા પ્રશ્નો અને ઝઘડાઓના નિરાકરણ માટે સ્થાનીક કક્ષાના (સ્થાનીક જ્ઞાતિ) નાં ન્યાય મંદિરમાંથી ચીઠ્ઠી લખી આપવામાં આવે છે. જેના આધારે નવનાત ખારવા સમાજના નાતના પટેલ યોગ્ય તારીખે મીટીંગ રાખીને આ તમામ પ્રશ્નોનું નિરાકરણ કરે છે.આ મીટીંગમાં ખારવા સમાજના નવ ગામના પટેલો હાજર હોય છે. તેમજ તેમાં નવ ગામના સભ્યોને પણ આવવાની છુટ આપવામાં આવે છે.આમ આ તમામ લોકો સાથે મળીને આવેલ પ્રશ્નોનું અને ઝઘડાઓનું નિરાકરણ કરતા હોય છે. ખારવા સમાજનું નવ ગામ (નવ જ્ઞાતિ) ખારવા સમાજ ન્યાય મંદિર આરંભડા ખાતે આવેલ છે.[૭]

**૩. બાર ગામ (બાર જ્ઞાતિ) ખારવા સમાજન્યાયમંદિર**

બારગામ (બાર જ્ઞાતિ) ખારવા સમાજ ન્યાય મંદિરપોરબંદર ખાતે આવેલ છે.જેમાં તેમના નામ પ્રમાણે બાર ગામ એટલે કે, પોરબંદર, વેરાવળ, માંગરોળ વણાકબારા, માંડવી, સલાયા, મુંદ્રા , જામનગર, જામ સલાયા, ઓખા, બેટ દ્વારકા, દ્વારકા, આરંભડા અને પોશિત્રાનો તેમજ ગોરીયારીઆ તમામ ગમોનો સમાવેસ કરવામાં આવે છે. જયારે નવગામ (નવ જ્ઞાતિ) ખારવા સમાજ ન્યાય મંદિરઆરંભડા ખાતે આવેલા પ્રશ્નો અને ઝઘડાઓનું નિરાકરણ નથી આવતું ત્યારે આ પ્રશ્નો અને ઝઘડાઓના નિરાકરણ માટે નવ ગામ (નવજ્ઞાતિ) ખારવા સમાજ ન્યાય મંદિરનામુખ્યપટેલ દ્વારા પક્ષકારોને ચીઠ્ઠી લખી આપવામાં આવે છે.


---

૬. ઓખા સમસ્ત ખારવા સમાજના ન્યાય મંદિરમાંથી મેળવેલ માહિતી.તારીખ– ૦૫.૦૨.૨૦૧૦.

૭. નવગામ સમસ્ત ખારવા સમાજના ન્યાય મંદિર(આરંભડા) માંથી મેળવેલ માહિતી.તારીખ– ૦૫.૦૨.૨૦૧૦.

જે ચીઠ્ઠી બાર ગામ ખારવા સમાજના ન્યાયમંદિરનાં મુખ્ય પટેલને અનુંલક્ષીને હોય છે.જેના આધારે તે પક્ષકારોને યોગ્ય તારીખ આપીને તે તારીખે સમગ્ર બારગામ ખારવા સમાજના તમામ પટેલ તેમજ તેના તમામ સભ્યોઅને ટ્રષ્ટીઓ ઉપરાંત પોરબંદર ખારવા સમાજના નવ (૯) ડાયરાના તમામ સભ્યો અને ટ્રષ્ટીઓ આ તમામ મળીનેન્યાય માટે આવેલા પક્ષકારોની ન્યાયીકકાર્યવાહિ કરે છે અને આ તમામ લોકો દ્વારા આપવામાં આવેલ ચુકાદો પક્ષકારોને માન્ય રાખવાનો હોય છે. આ તમામ કાર્યવાહિદરમ્યાનપક્ષકારોને કોર્ટમાં જઈ ન્યાય મેળવવામાં કોઈ બાધ હોતો નથી. પક્ષકારોએ જ્ઞાતિના નિયમોનું પાલન કરીને કોર્ટ કચેરીમાં જઈ તેમના પશ્નો અને ઝઘડાઓનું નિરાકરણ લાવી શકે છે.[૮]

**૫. ખારવા સમાજનાન્યાયતંત્રનું માળખું :[૯]**




૧.પ્રમુખ(જ્ઞાતિના પટેલ)
૨. ઉપ પ્રમુખ
૩. ખજાનચી
૪. કોટવાલ
૫. સભ્યો

---

૮. બાર ગામ (પોરબંદર) સમસ્ત ખારવા સમાજના ન્યાય મંદિરમાંથી મેળવેલ માહિતી.તારીખ– ૨૫.૦૨.૨૦૧૦.

૯.ઓખા સમસ્ત ખારવા સમાજના ન્યાયમંદિરમાંથી મેળવેલ માહિતી તારીખ – ૦૫.૦૨.૨૦૧૦.

**૬. ન્યાયની પધ્ધતી**

ખારવા સમાજના લોકો મુખ્યત્વે પોતાની સમસ્યાના સમાધાન માટે આ ન્યાય મંદિરનોજ આસરો લે છે. બંધારણીય ન્યાયાલયોમાં હજારો રૂપિયાની વકીલોને ફી આપવી પડે છે.તારીખો ઉપર તારીખો પડતી હોય છે અને ન્યાય મેળવવામાં વર્ષોના વર્ષો વીતી જાય છે.જ્યારે ખારવા સમાજની ન્યાયની પધ્ધતી પણ ખુબજ રસપ્રદ છે.

કોઈ કેસ કે પ્રશ્ન આવ્યો હોય ત્યારેબન્ને પક્ષના લોકોને બોલાવવામાં આવે છે અને તેઓને ભેરવનાથના સોગંદ ખવડાવવામાં આવે છે. તેમજ ખારવા સમાજના ઈષ્ટદેવ રામદેવજી પ્રભુના પણ સોગંદ લેવડાવવામાં આવે છે.ત્યાર બાદ બન્ને પક્ષોની વાત પુરે પુરી દલીલો સાથે એક પછી એક સાંભળવામાં આવે છે.બન્ને પક્ષોને પોતાની રજુઆતો કરવાની પુરતી તક આપવામાં આવે છે. ઉપરાંત સાથે આવેલા વ્યકિતઓ ને પણ પક્ષકારો બાબતે પુચ્છવામાં આવે છે.ત્યારબાદ હાજર રહેલા પ્રમુખો, ટ્રષ્ટીઓ અને સભ્યોદ્વારા ચર્ચાઓ કરીને છેવટે સચોટ ન્યાય કરીને ફેસલો સંભડાવવામાં આવે છે.

બંધારણીય કોર્ટોમાં કેસોના નિરાકરણ માટે વર્ષોના વર્ષો ચાલ્યા જાય છે. વકીલોની ફી અને મુદતો ના ચકરમાં પક્ષકારો ના ઘર અને માનસિક શાંતી ખોરવાય જાય છે. જયારે ખારવા સમાજના ન્યાય મંદિરોમાં ગમે તેટલા જટીલ કેસો ઓય તો પણ તેનો ત્રણ મુદતમાં નીકાલ કરવામાં આવે છે. પ્રમુખ જે ન્યાયકરે છે તેને બન્ને પક્ષકારો માથે ચડાવે છે. દરોજ સવારના ૧૦:૩૦ વાગ્યાથી બપોરના ૨:૦૦ વાગ્યા સુધીમાં કેસ પુરા થાય નહી ત્યાં સુધી આ ન્યાયનીકાર્યવાહિચાલે છે.આ ઉપરાંત જોવા જેવી વાત તો એ છે કે સરકારી અદાલતો રવીવાર કે વાર તહેવારે બંધ હોય છે.જયારે અહી રવીવારના સામાન્યદિવસો કરતા વધારે કેસો આવતા હોય છે અને સમયમાં પણ જરૂરીયાત મુજબનો ફેરફાર કરવામાં આવે છે.સ્થાનીક અને નવગામ ન્યાય મંદિરમાં જયારે પ્રશ્નો અને ઝઘડાઓ આવતા હોય છે ત્યારે જ આડા દિવસોમાં ન્યાયીક સભા ભરાય છે.અન્યથા દર રવીવારના તો હોય જ છે.

**૭. કેસની તટસ્થતાપૂર્વક તપાસ**

ખારવા સમાજના ન્યાયમંદિર આવેલા તમામ કેસની ખુબજ તટસ્થાપૂર્વક અને કોઈની પણ સેહ સરમમાં આવ્યા વગર પારદર્શકતાથી તપાસ કરવામાં આવે છે.કેસની તપાસ બાબતે મુકાદમનો ભાગ ખુબજ મહત્વનો છે.મુકાદમ કેસની સાચી માહિતી લાવવા માટે પક્ષકારો રહેતા હોય તે લતામાં અને ઘર સુધી જતા હોય છે જે માહિતીકેસનો નિર્ણય લેવામાં ખુબજ મહત્વ પુર્ણ ભાગ ભજવે છે.સ્યાનીક અને નવગામ ન્યાય મંદિરોમાં આ કામ ' કોટવાલ' કરે છે. આમ આ પ્રકારના મુકાદમોની ભુમીકા ન્યાય કરવામાં અગત્યની બનીજાય છે અને આ લોકો પણ વફાદારી પુર્વક પટેલ સુધી સત્ય હકીકતો પહોચાડતા હોય છે.[૧૦]

---

૧૦. બાર ગામ (પોરબંદર) સમસ્ત ખારવા સમાજના ન્યાય મંદિરમાંથી મેળવેલ માહિતી.તારીખ– ૨૫.૦૨.૨૦૧૦.